بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.06-01-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

દુનિયામાં ઈન્સાન માલ ખર્ચ કરે છે વ્યકિતગત સંતુષ્ટિ માટે પણ, વ્યકિતગત લક્ષ્યની પ્રાપ્તિ માટે પણ તથા કયારેક દાન દક્ષિણા પણ કરી દે છે. પરંતુ આજે દુનિયામાં કોઈ સમુદાય એવો નથી , કોઈ એવી જમાઅત નથી જેના લોકો અને પ્રતિનિધિ વિશ્વના પ્રત્યેક નગર તથા પ્રત્યેક દેશમાં એક ઉદેશ્ય હેતુ, એક હાથ પર એકત્ર થઈને પોતાનો ધન ખર્ચ કરવા માટે પેશ કરી રહ્યા હોય અને તે ઉદેશ્ય પણ દીનનું પ્રકાશન તથા સમાજ સેવા હોય. હાં, માત્ર એક જમાઅત છે જે આ કાર્ય કરી રહી છે અને તે જમાઅત છે જેને ખુદા તઆલાએ આ ઉદેશ્ય માટે સ્થાપિત કર્યો છે. તે જમાઅત છે જે આંહઝરત સ.અ.વ. ના સાચા ગુલામની જમાઅત છે, તે જમાઅત છે જે મસીહ મૌઉદ અ.સ. અને મહદી મઅહૂદની જમાઅત છે જેમના હાથમાં આખા વિશ્વમાં ઈસ્લામની સ્થાપનાનું કામ છે જે લગભગ પાછલાં ૧૨૮ વર્ષોથી ઈસ્લામની તથા માનવ જાતિની સેવા માટે પોતાનો ધન કુબાન કરી રહી છે અને આ એટલા માટે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આ જમાઅતને કુરાનની શિક્ષાના પ્રકાશમાં ધનના ઉચિત ઉપયોગ તથા ધનની કુરબાનીનો બોધ અતા ફરમાવ્યો. હઝરત મસીહ મૌઉદ અ.સ.એક સ્થાને ફરમાવે છે કે:

હું વારંવાર અનુરોધ કરૂ છું કે ખુદા તઆલા માટે ખર્ચ કરો કેમ કે ઈસ્લામ અત્રે પતનની સ્થિતિમાં છે બાહરી તથા ભીતરી દર્બળતાઓને જોઈને મન વ્યાકુળ થઈ જાય છે તથા ઈસ્લામ અન્ય વિરોધી ધર્મોનો શિકાર બની રહ્યો છે. ફરમાવ્યું જ્યારે આ સ્થિતી થઈ ગઈ છે તો શું ઈસ્લામની પ્રગતિ માટે આપણે કદમ ન ઉઠાવીએ. ખુદા તઆલાએ આ જ હેતુથી તો આ સિલસિલાને સ્થાપ્તિ કર્યો છે. માટે તેની પ્રગતિ માટે પ્રયાસ કરવુ, એ અલ્લાહ તઆલાના આદેશ તથા ઈચ્છાનો આજ્ઞાપાલન છે.

પછી ફરમાવ્યું આ વાયદો પણ અલ્લાહ તઆલા તરફથી છે કે જે વ્યકિત ખુદા તઆલા માટે આપશે, હું તેને અધિક બરકત આપીશ. દુનિયામાં જ તેને ઘણુ બધું મળશે તથા મૃત્યું પછી આખિરાતના પ્રતિ ફળને પણ જોઈ લેશે કે કેટલો આરામ મળે છે. અભિપ્રાયઃ આ છે કે આ સમયમાં આ વાત તરફ તમારા બધાનું ધ્યાન આકર્ષિત કરૂ છું કે ઈસ્લામની પગતિ માટે પોતાના ધનને કુબાન કરો. આ રીતે આપના સહાબાઓએ આ વાતને સમજી તથા પોતાનો ધન દીનના હેતુથી પેશ કર્યા.

અનેક લોકોના ઉદાહરણ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પોતાની પુસ્તકો તથા કથનોમાં બયાન ફરમાવ્યા છે જેમણે પોતાની આવશ્યકતાઓની ચિંતા ન કરતા દીનના કામોમાં આગળ વધીને બલીદાન આપ્યું. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની જમાઅતના લોકોને આ કુરબાનીઓની જાગ એવી લાગી કે એક પછી બીજી પેઢી કુરબાનીઓ કરતી જઈ રહી છે બલ્કે તે લોકો જે દુર દેશોમાં રહેનાર છે બાદમાં આવીને સામેલ થયા, અને થઈ રહ્યા છે, તે પણ તે બુઝુર્ગોની કુરબાનીની જ્યારે વાતો સંભળે છે અને અથવા આ સાંભળે છે કે અમુક અમુક હેતુ માટે બલીદાનની જરૂર હોય છે અને અલ્લાહ તઆલાના કલામને સાંભળીને પછી કુરબાનીઓના ઉદેશ્યને સમજે છે, તે પણ એવા એવા ઉદાહરણો પેશ કરે છે તથા આશ્ચર્ય જનક નમૂના દેખાડે છે. તે આ નથી વિચારતા કે અમારી નાની કુરબાનીથી અંતર આવશે બલ્કે તે અલ્લાહ તઆલાના આ કલામને સમજે છે જેમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે

તે લોકોનું ઉદાહરણ જે પોતાનું ધન અલ્લાહની પ્રસન્નતા ઈચ્છતા તથા પોતાનામાંથી કેટલાકને દૃઢતા પ્રદાન કરવા માટે ખર્ચ કરે છે, એવા બાગ જેવી છે જે ઊચા સ્થાન પર સ્થિત હોય તથા તેના પર ભારે વર્ષા થાય તો તે વધારે

ફળ લાવે અને જો તેના પર તેજ વર્ષા ન થાય તો ઝાકળ જ પર્યાપ્ત હોય અને અલ્લાહ તઆલા તેના પર જે તમે ખર્ચ કરો છો ગહન દૃષ્ટિ રાખનાર છે

માટે નિર્ધન લોકોની આ કુરબાની તલ તથા ઓસના સમાન છે. આ ઓછી નમી જે તેના તુચ્છ બલીદાનથી દીનના બાગને મળે છે તે અલ્લાહ તઆલાની કૃપાથી અત્યાધિક ફળ લાવે છે. આપણે જોઈએ છીએ કે એક નિર્ધન જમાઅત હોવા છતા આપણે દુનિયાના પ્રત્યેક સ્થાન પર ઈસ્લામના પ્રસાર તથા સમાજ સેવાના કાર્ય કરી રહ્યા છે અને પછી અલ્લાહ તઆલાની કૃપાથી આપણા કામોમાં બરકત પણ અલ્લાહ તઆલા એટલી વધારે નાખે છે કે દુનિયા ચકિત રહી જાય છે કે એટલા થોડા સાધનો દ્વારા તમે અટલા અધિક કામ કેવી રીતે કરી લો છો. આ એટલા માટે થાય છે કે આ કુરબાનીઓ કરનાર તેલોકો છે જે તે લોકોમાં સામેલ થવાનો પ્રયાસ કરે છે જેનો ઉદાહરણ અલ્લાહ તઆલાએ આ રીતે આપ્યો છે કે ફરમાવ્યું તે પોતાનો ધન અલ્લાહની પ્રસન્નતા ઇચ્છતા ખર્ચ કરે છે તથા જ્યારે અલ્લાહ તઆલાની પ્રસન્નતા લક્ષ્ય હોય તો ફળ પણ અધિક લાગે છે, બરકત પણ વધારે પડે છે. જેવું કે મેં કહ્યું આ બલીદાનોના આજ પણ ઉદાહરણ છે બલ્કે અસંખ્ય ઉદાહરણ છે તેમાંથી અમુક પેશ કરૂ છું.

કાદિયાનથી ખુબ દુર રહેનારી એક છોકરી જ્યારે અહેમદિયત અને વાસ્તવિક ઈસ્લામની ગોદમાં આવે છે તો તેનો વિચાર કેવી રીતે બદલાય છે તથા કુરબાનીનો તેને કેવો આભાસ પ્રાપ્ત થઈ જાય છે, તેની કહાની તે છોકરીની જુબાનીથી સાંભળી લો. યુગાન્ડામાં રહેનાર તે છોકરી છે, અશિક્ષિત નથી બલ્કે યુનિવર્સિટીમાં ભણી રહી છે. કહે છે કે પાછલી જુલાઈમાં મને યુનિવર્સિટીમાં પ્રવેશથી પહેલાં કોઈ સામાન ખરીદવો હતો પરંતુ તેના માટે પર્યાપ્ત ધન રાશિ ન હતી તથા મારો ચંદો પણ બાકી હતો તો મેં તે ધન રાશિ ચંદામાં આપી દીધી છે મારો મજબૂત વિશ્વાસ હતો કે અલ્લાહ તઆલા મારી સહાયતા જરૂર કરશે અને સંતુષ્ટ હતી કે મેં મારો ચંદો અદા કરી દીધો છે. એક મહીના પછી જ્યારે હજુ યુનિવર્સિટી ખુલવામાં ત્રણ દિવસ બાકી હતા તો મારી એક ચાચીએ મારી મમ્મીને ફોન કર્યો કે હું કયારે યુનિવર્સિટી જઈ રહી છું અને મને પોતાના ઘરે બોલાવી. જયારે હું સાંજે તેના ઘરે આવી તો તેમણે મને થોડીક ધન રાશિ પકડાઈ જે મારી યુનિવર્સિટીની આવશ્યકતાથી ખુબ અધિક હતી તથા જે ધન રાશિ ચંદામાં આપી તે ધન રાશિથી દસ ગણા વધારે હતી. આ પ્રકારે અલ્લાહ તઆલાએ મારી દુઆઓને સાંભળી અને એવા સાધનથી મારી સહાયતા કરી જ્યાં મને આશા પણ ન હતી.

પછી ભારતના જ એક સાહેબ જે કેરલાની મંજેરી જમાઅતના છે તેમના વિશે ત્યાંના ઈન્સપેકટર કમરૂદદીન સાહેબ લખે છે કે તેમનો વૈકસીનનો વેપાર છે. હું તેમની પાસે ચંદો વકફે જદીદની વસૂલી માટે તેમની દુકાન પર ગયો તો કહેવા લાગ્યા કે તેમના ઘણા પૈસા ફસાયેલા છે માટે તેમને ખુબ મુશ્કેલી ઉઠાવી પડે છે પરંતુ તે છતાં પણ તેમણે ધન રાશિનો ચેક આપતા કહ્યું કે અત્રે તો બેન્ક એકાઉન્ટમાં એટલા પૈસા નથી પરંતુ કરો કે આ વિનીત આનો ભુગતાન જલ્દી કરી શકે. ખ્હે છે, બીજા દિવસે જ તેમનો ફોન આવ્યો કે અલ્લાહના ફઝલથી ચેક આપ્યા પછી મારા ખાતામાં એક મોટી રકમ આવી ગઈ છે માટે આપ ચેક કેશ કરવી લો અને કહેવા લાગ્યા કે આ માત્ર ચંદાની બરકતથી જ છે કે એટલી જલ્દી અલ્લાહ તઆલાએ આ વ્યવસ્થા પૈદા કરી દીધી.

પછી પશ્ચિમી આફ્રીકાના એક દેશ તંઝાનિયામાં રહેનાર એક વિધવા મહીલાનો ઉદાહરણ છે જેમના વિશે ત્યાંના અમીર સાહેબ લખે છે કે ઔરંગા ટાઉનન મુઅલ્લિમ સાહેબ એક એક વિધવા મહીલા અમીના પાસે ચંદા વકફે જદીદની અદાયગી માટે ગયા તો તેમણે ખુબ નિરાશ મન સાથે કહ્યું કે અત્રે મારી પાસે કંઈ નથી પરંતુ જેવી રીતે વ્યવસ્થા થશે તો હું સ્વયં લઈને ઉપસ્થિત થઈ જશે. મુઅલ્લિમ સાહેબ હજુ પોતાના ઘરે પણ ન પહોંચ્યા હતા કે તે મહીલા દસ હઝાર શીલિંગ લઈને આવી ગઈ અને જણાવ્યું કે આ રકમ કયાંકથી આવી ગઈ હતી, તો વિચાર્યુ કે આપને આપી આઉ, પહેલા ચંદો અદા કરી દઉ, પોતાનો ખર્ચ બાદમાં પુરા કરીશ. કહેવા લાગી કે અલ્લાહ તઆલાનો વ્યવહાર જુઓ

કે મેં દસ હઝાર જે તેના માર્ગમાં આપીને ગઈ હતી, હજુ ઘરે પણ ન પહોચી હતી કે અલ્લાહ તઆલાએ મને પાંત્રીસ હઝાર મોકલાવી દીધા અને જેમાંથી પંદર હઝાર બાકી ચંદો અદા કરવા છતાં પણ મારી પાસે વીસ હઝાર બચી જાય છે, આ ફકત અલ્લાહ તઆલાનો વરદાન છે અને ચંદાની બરકત છે અને આ રીતે તેમનો ઈમાન વધ્યો.

પછી પશ્ચિમી આફ્રીકાના એક દેશ બેનિનના એક અહેમદીનો નમૂનો જુઓ જેમને અહેમદી થયા હજુ એક વર્ષ પણ ન થયો હતો પરંતુ કુરબાનીની આત્માનો સ્તર કેવો છે બલ્કે આ જુના માટે પણ નમૂનો છે. ત્યાંના મુબલ્લિગ લખે છે કે મુઝફફર સાહેબ, કે કરતૂની રીજનના એક ગામ ડેકામ્બેમાં આ વર્ષે જમાઅતની સ્થાપના થઈ. અહીયાના નિવાસી સાધારણ માછીમાર છે તથા આ જ તેમનું જીવન ગુજરાન છે. લોકલ મિશ્નરીએ આ ગામ વાળાઓને ચંદાનો અહ્વાન આપ્યો તો એક અહમદી મિત્ર જે આર્થિક દૃષ્ટિથી ખુબ દુર્બળ છે, તેમણે તરત જ તહરીક પર લબ્બૈક કહેતા એક હઝાર ફરાંકની ધન રાશિ કુરબાની માટે પેશ કરી દીધી અને કહેવા લાગ્યા કે અત્રે મારી સ્થિતી એટલી સારી નથી પરંતુ હું નથી ચાહતી કે જે જમાઅતમાં મેં પ્રવેશ કર્યો છે તેના તરફથી કોઈ તહરીક થાય અને હું તેમાં સામેલ રહેવાથી રહી જાઊ.

કોંગો કંશાસાથી મુબલ્લિગ સાહેબ લખે છે કે એક મહીલા નિમ્ન સ્તરીય વ્યાપારી કહે છે કે વર્ષની શરૂઆતમાં દેશની પ્રસ્થિતિઓના કારણે એવું લાગી રહ્યું હતુ કે આ વર્ષે વ્યાપારમાં લાભ ન થશે પરંતુ મેં વર્ષની શરૂઆતમાં જ વકફે જદીદનો ચંદો અદા કરી દીધો અને વિચાર્યુ કે અલ્લાહ તઆલા સાથે કરેલ વ્યાપાર નુકસાન થનાર નથી. બયાન કરે છે કે અલ્લાહ તઆલાના ફઝલથી તેમને વેપારમાં લાભ થયો તથા દેશની વર્તમાન પ્રસ્થિતિઓ છતાં વેપારમાં કોઈ હાનિ ન થઈ.

પછી અહેમદીઓના બલીદાનથી બીજા લોકો પર કેટલો પ્રભાવ પડે છે અને આ પણ તબલીગના માર્ગ ખોલે છે. બંગલા દેશના અમીર સાહેબ કહે છે કે ત્રણ મિત્રોને તબલીગ થઈ રહી હતી પરંતુ પર્યાપ્ત તબલીગ હોવા છતા કોઈ બૈઅત માટે તૈયાર ન થઈ રહ્યા હતા. પાછલા જુમ્મા આ ત્રણેય મિત્રો માસ્જીદમાં આવ્યા, જુમ્માના ખુત્બા સમયે વકફે જદીદના વિષય પર ધ્યાન અપાવ્યો તો જુમ્મા પછી લોકો ચંદાનું ભુગતાન કરવા માટે લાઈનો બનાવીને ઊભા થઈ ગયા. તે મિત્રોએ જ્યારે આ દૃશ્ય જોયું તો કહેવા લાગ્યા કે ચંદો લેવા માટે અમારા મોલ્વીઓનું ગળુ અને જીભ બંને સુકાય જાય છે અને તો પણ લોકો ચંદો નથી આપતા. અહીયા એક નાની ઘોષણા કરવામાં આવી અને લોકો ચંદો આપવા માટે લાઈના ઊભા થઈ ગયા છે, આ જ વાસ્તવિક ઈસ્લામી આત્મા છે આ રીતે તે ત્રણેય મિત્રોએ આ દૃશ્ય જોઈને તે જ સમયે બૈઅત કરી લીધી અને વકફે જદીદનો ચંદો પણ અદા કર્યો.

હુઝુરે દુનિયાના વિભિન્ન દેશોમાં જમાઅતના લોકોના આર્થિક બલીદાનોના ઈમાન વર્ધક વૃત્તાંત બયાન ફરમાવ્યા. પછી ફરમાવ્યું કે જાન્યુઆરીના પહેલા જુમ્મામાં વકફે જદીદના નવા વર્ષનો શુભારંભની ઘોષણાની પ્રથા છે તો આ અમુક ઘટના પછી હું વકફે જદીદના ૬૦માં વર્ષના શભારંભની ઘોષણા કરૂ છું તથા પાછલા વર્ષમાં અલ્લાહ તાલાના ફઝલોનું વર્ણન પણ કરી દઊ કે વસૂલીઓ શું છે ? વકફે જદીદનું વર્ષ ૩૧ ડિસેમ્બરના રોજ પુરો થાય છે. અત્રે ૬૦મોં વર્ષ ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ પૂર્ણ થયો. અલ્લાહ તઆલાના ફઝલથી દુનિયાની જમાઅતોએ, જે હજુ સુધી રિપોર્ટ આવી છે તે અનુસાર ૮૦ લાખ ૨૦ હઝાર પાઉંડની કુબાની પેશ કરી, પાછલા વર્ષની તુલનામાં આ કુરબાની ૧૧ લાખ ૨૯ હઝાર પાઉંડ અધિક છે. આ વર્ષે પણ પાકિસ્તાન, દુનિયાની વસૂલી પ્રમાણે સર્વ પ્રથમ છે.

પાકિસ્તાન સિવાય વસૂલીની દૃષ્ટિએ બહારના દેશોમાં પહેલી દસ જમાઅતો આ પ્રમાણે છે. નંબર એક પર બર્તાનિયા છે, બે પર જર્મની, ત્રણ અમેરિકા, ચાર કેનેડા, પાંચ ભારત, છ ઓસ્ટ્રેલિયા, સાત મિડિલ ઈસ્ટ, આઠ ઈન્ડોનેશિયા, નવ પણ મિડિલ ઈસ્ટનો એક દેશ છે અને દસમાં નબંરે ઘાના છે, અને તે પછી બૈલ્જિયમ તથા સ્વીઝર લૈન્ડ બને છે.

પ્રતિ વ્યકિત અદાયગી અનુસાર અમેરિકા નંબર એક પર છે, પછી સ્વીઝર લૈન્ડછે, પછી ફિન લૈન્ડ છે, પછી ઓસ્ટ્રેલિયા છે, સિંગાપુર છે ફ્રાંસ છે, જર્મની, પછી ટ્રેનિડાડ, પછી બૈલ્જિયમ, પછી કેનેડા. પછી બર્તાનિયા નંબર એક પર આવવા છતા પ્રતિ વ્યકિત અદાયગીમાં પાછળ છે. અલ્લાહ તઆલાના ફઝલથી આ વર્ષે વકફે જદીદમાં ૧૩ લાખ ૪૦ હઝાર ચંદો આપનાર સામેલ થયા જે પાછલા વર્ષની તુલનામાં એક લાખ પાંચ હઝાર અધિક છે. સળ્ખ્યાની અધિકતાની દૃષ્ટિથી કેનેડા, ભારત અને બતોનિયા સિવાય આફ્રીકામાં ગિની કનાકરી, કૈમરોન, ગૈમ્બિયા, સીનિગાલ, બેનિન, નાઈજેરિયા, કોંગો કંશાસા, બર્કીના ફાસો અને તંઝાનિયાએ વિશેષ કાર્ય કર્યો છે.

ભારતના દસ પ્રદેશો આ પ્રમાણે છે. નંબર એક પર કેરલા, બે પર જમ્મૂ કાશ્મીર, પછી તામિલનાડુ પછી કર્ના ટકા પછી તેલંગાના પછી ઓડીસા પછી વૈસ્ટ બંગાલ પછી પંજાબ પછી ઉત્તર પ્રદેશ પછી દિલ્લી પછી મહારાષ્ટ્ર. ભારતની દસ જમાઅતો આ પ્રમાણે છે કરોલાઈ નંબર એક પર છે, પછી કાલીકટ, પછી હૈદરાબાદ, પછી પિત્થાપીરયમ, પછી કાદિયાન, પછી કૈનાનૂર ટાઊન, પછી કોલકાતા, પછી બૈંગલોર, પછી સોલોર અને પછી પયંગાડી. અલ્લાહ તઆલા આ તમામ કુરબાનીઓ કરનારના જાન અને માલમાં અત્યાધિક બરકત નાખે તથા ભવિષ્યમાં સમ્બંધિત ઓહદેદારોને પણ સક્રિય બનાવે કે તે પોતાના કામ ઉચિત રૂપથી કરી શકે તથા જે કમિઓ છે તેને પૂરો કરવાનો પ્રયાસ કરે. વિશેષ રૂપમાં સામેલ થનારમાં બઢતી થવી જોઈએ, પ્રત્યેકને સામેલ કરવું પણ જરૂરી છે, ચાહે ઓછી રકમ આપીને સામેલ થાય.

ખુત્બાના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું કે હું નમાઝે જમ્મા પછી બે જનાઝા ગાયબ પઢાવીશ. પહેલો જનાઝો છે મુકરમા અસમા તાહેરા સાહેબાનો જે મુકરમ સાહેબઝાદા મિરઝા ખલીલ અહેમદ સાહેબની પત્નિ હતી. ૨૩ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ૭૯ વર્ષની આયુમાં કેનેડામાં તેમનું અવસાન થયું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેરૂન.

બીજો જનાઝો મુકરમ ચૌધરી નસરૂલ્લાહ ખાન સાહેબનો છે જે ૪ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ લાહૌરમાં ૮૩ વર્ષની આયુમાં તેમનું અવસાન થયું છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેરૂન.

ઝુઝુર અનવરે આ બંનેના સદગુણો બયાન ફરમાવ્યા. અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તેમનાથી મગફિરત અને રહમતનો સલૂક ફરમાવે, તેમના દર્જાત બુલંદ ફરમાવે, તેમની સંતાનને પણ વફા સાથે ખિલાફત અને જમાઅતથી જોડાઈ રાખે તથા તેમની નેકીઓ જારી રાખવાનો સામર્થ્ય પ્રદાન કરે.

******

| Khulasa Khutba Jumma Huzoor Anwar 06 January 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br>To.............................................................................................<br>.............................................................................................<br>.............................................................................................<br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |